રાજયમાં અકીક / પથ્થર / બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M3
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૧૨/૨૦૨૫

<u>વંચાણે લીધાઃ</u>

1. અત્રેનો તા.૦૪/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
2. અત્રેનો તા.૦૫/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
3. અત્રેનો તા.૦૯/03/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
4. અત્રેનો તા.૨૯/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
5. અત્રેનો તા.૧3/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
6. અત્રેનો તા.૨૦/૦૧/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ/૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
7. અત્રેનો તા.૧૧/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ એલઇડી/બીજેટી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨3/૨૧૯૮/મ(૨)
8. અત્રેનો તા.૧૧/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M3
9. માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.૨૪/૧૧/૨૦૨૫નો ઓરલ ઓર્ડર
10. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનો તા.૦૬/૧૨/૦૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃ ગશ્રક/બોર્ડ/સિલિકો/પીડિત – ઠરાવ સુધારા હુકમ/૨૦૨૫/૨૬૬3

<u>આમુખ:</u>

રાજયમાં અકિક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાસોચ્છ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. આવા શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કમ્પેન્સેશન એકટ, કામદાર રાજય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજના હેઠળ કોઇ લાભ મળવાપાત્ર થતો ન હોઇ અને તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીના અવસાનના કિસ્સામાં તેના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં

આવેલ છે. ઉકત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી (૭) મુજબ રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોના અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રૂ. ૪.૦૦ લાખની આર્થિક સહાય આપવા અંગેની નીતિ નિયત કરવામાં આવેલ છે.

આ યોજનામાં વંચાણે લીધા (૮) થી સિલિકોસીસથી અવસાનની તારીખથી ૦૨ વર્ષમાં અરજી પત્રક ભરીને આપવાની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ. વધુમાં, આ ૦૨ વર્ષના સમયગાળા બાદ અરજી મળે તો તેની નિયમોનુસારની ચકાસણી કરી સમયગાળા સિવાયની તમામ જોગવાઈઓ પરિપૂર્ણ થયેથી અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને જરૂરી અભિપ્રાય સહિત મોકલી આપવાની રહેશે તથા વિલંબના કારણોને ધ્યાને લઈને આવેલ અરજી પર ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્ય સચિવશ્રીએ ગુણદોષના આધારે નિર્ણય લેવાનો રહેશે, તેમ આથી ઠરાવવામાં આવેલ.

વંચાણે લીધા (૯) પરના માન. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના આદેશ મુજબ ઉક્ત વંચાણે લીધા (૮) થી કરેલ ઠરાવ બાબતે સ્પષ્ટતા દર્શાવતો ઠરાવ કરવા સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા (૧૦) થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાન થાય તે કિસ્સામાં સિલિકોસીસના દર્દીના મૃત્યુ બાદ તેઓના વારસદારો દ્વારા આ યોજના અન્વયે ભૂતકાળમાં સમયમર્યાદા બાદ અરજી રજૂ થવાથી વિલંબના કારણે નામંજૂર/દફતરે કરવામાં આવેલ અરજીઓ તથા વારસદારો દ્વારા અરજી કરવામાં આવેલ ન હોય તો તેવા વારસદારોની અરજી મળ્યેથી સમય મર્યાદાને અવગણી, વિલંબ ગ્રાહ્ય રાખી, નિયમોનુસાર ચકાસણી કરી, યોગ્ય જણાયેથી જરુરી અભિપ્રાય/ભલામણ સહિત અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને મોકલી આપવાની રહેશે તથા સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા તે અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે, તેમ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

RRAmin

(ઋચિર અમીન)
સેકશન અધિકારી
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪ , સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.